# ધાનેરા - થરાદ રોડ પર પોલીસની રહેમનજર હેઠળ મોતની મુસાફરી કરાવતા શટલીયા



ધાનેરા, તા. ૩૦

ધાનેરાના આજુબાજુ વિસ્તારના હજારો લોકો એસ.ટી. બસના અભાવે શટલીયા જીપો, છકડાઓમાં જીવના જોખમે મુસાફરી કરી રહ્યા છે.

ધાનેરા-થરાદ રોડ પર એસ.ટી. બસોની અછત અને તંત્રની અણઘડ આવડતના કારણે મુસાફરોને મોત સામે ખેલખેલી મુસાફરી કરવી પડે છે. જેથી ધાનેરા પંથકની પ્રજાની સમસ્યાનો નિકાલ આવે તેવી ઈચ્છા વ્યક્ત કરી છે.

શટલીયા મારતા વાહનચાલકોને જાણે કે હપ્તા ખોર પોલીસે ખૂલ્લો દોર આપી દીધો છે. પોતાનું ખિસ્સું દર મહિને ગરમ થતું હોવાથી ટ્રાફિક પોલીસ પણ આવા શટલીયાના ચાલકો સામે પગલાં ભરતી નથી. ઘેટાં-બકરાની જેમ ભરી મુસાફરી કરતા વાહનચાલકો સામે એસ.પી. અશોક યાદવ લાલ આંખ કરી યોગ્ય પગલાં ભરે તેવું ધાનેરા પંથકની પ્રજા રાહ જોઈ રહી છે.

# પાલનપુરમાં ગરનાળા પર દુકાનો બનાવાતા નોટીસ ફટકારાઈ

પાલનપુર, તા. ૩૦

પાલનપુરમાં સ્ટેશન રોડ પર આવેલ મોટા ગટરના નાળાને પાઈપો નાંખી પુરી દઈ તેની ઉપર દુકાનો બનાવનારાને નગરપાલિકાએ નોટીસ ફટકારી છે. પાલનપુરમાં રેલવે સ્ટેશન રોડ પર આવેલ મેઘદૂતનું નાળું પાતાળેશ્વર મહાદેવ મંદિરના પાછળ રોડ નીચેથી સીધું જ રેલવે ક્વાટ્ર્સના પાછળના ભાગે કૉલેજ કંપાઉન્ડની પાછળ આવેલી વાડીએ પહોંચે છે તેના પર ૨૦૦૫ની સાલમાં નગરપાલિકાના તાત્કાલિન વહીવટદારે ૪૫થી વધુ ગેરકાયદેસર દબાણો દૂર કર્યા હતા. કુદરતી વ્હેણ ધરાવતા આ નાળા પર તાજેતરમાં યુજીવીસીએલ દ્વારા વીજ ડીપી નાંખવાના કાર્યને નાળા પર રાત્રે ગેરકાયદેસર રીતે ઉભી રહેતી નોનવેજની લારીઓવાળાો અને તેમના સમર્તકો દ્વારા વિરોધ કરાયો હતો.

આ વિરોધને કારણે યુજીવીસીએલ દ્વારા ડીપી માટેનું સ્થળ બદલવામાં આવ્યું હતું. ત્યારબાદ આ નાળામાં જેસીબી મશીનથી પાઈપો ઉતારી નાળું પૂરવાની કોશીષ કરાઈ હતી. જેના અહેવાલોથી નગરપાલિકા પ્રમુખ ચોંકી ઉઠ્યા હતા. તેમણે તપાસ કરતા ૨૦૦૭માં જ નગરપાલિકા અને લીઝ ધારકોએ કોર્ટ બહાર સમાધાનની ફોર્મ્યુલા અપનાવી દુકાનદારોએ સ્વખર્ચે નાળું બનાવી તેના પર દુકાનો બનાવવાની સમજૂતિ કરી હતી અને તે માટે ૨૦૧૨માં કારોબારી સમિતિએ પરવાનગી આપ્યા પછી કામ શરૂ કરાયું હતું.

આમ, વેપારીઓએ નાળું પૂરવાની કોઈ પણ જાતની પરવાનગી વગર જ નાળું પુરીને દુકાનોનું બાંધકામ કરી દેવાતા પાલિકાએ નોટીસ ફટકારી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# યુનિવર્સિટી પરીક્ષામાં સાધુ કાપલી કરતા ઝડપાઈ ગયા

## એનએસયુઆઈ કાર્યકરોને માહિતી મળતા ભારે હોબાળો મચાવાયો : આખરે સમગ્ર મામલો સપાટી પર આવી ગયો

અમદાવાદ, તા.૩૦

ગુજરાત યુનિવર્સિટીમાં અથઅયઆરએ એમએ એક્સટર્નલ પરીક્ષા ચાલી રહી છે. જેમાં આજે એમએ પાર્ટ-૧ની પરીક્ષામાં સ્વામિ નારાયણ સંપ્રદાયના સાધુ કાપલી સાથે ઝડપાતા ચકચાર મચી જવા પામી છે. આ ઉપરાંત એમએની પરીક્ષામાં ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશોએ સ્વામિ નારાયણ સંપ્રદાયના સંતને વીઆઈપી સુવિધા આપતા પણ આશ્ચર્ય સર્જાયું છે. સાધુ પરીક્ષામાં ખુલ્લેઆમ ચોરી કરી રહ્યા હતા તે વખતે એનએસયુઆઈના કાર્યકરોને જાણ થતાં તેમણે હોબાળો મચાવતા આ સમગ્ર પ્રકરણનો ભાંડો ફુટ્યો હતો.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના કેમેસ્ટ્રીભવનમાં આજે એમએ પાર્ટ-૧ની એક્સટર્નલ પરીક્ષા ચાલી રહી હતી. આ પરીક્ષા નિર્ધારીત સમય મુજબ બપોરે બે વાગ્યે શરૂ થઈ હતી. તેમ છતાંય સ્વામિ નારાયણ સંપ્રદાયના એક સાધુને યુનિવર્સિટી સ્પેશ્યલ પ્રિવીલેજ આવીને બપોરે ૧૨ વાગ્યે જ પરીક્ષા ખંડમાં એન્ટ્રી આપી દીધી હતી. જ્યાં તેમને સુપરવાઈઝરે પ્રશ્નપત્ર પણ આપી દીધું હતું. એટલું જ નહીં પરંતુ સાધુની બેસવાની વ્યવસ્થા પણ એક રૂમમાં અલાયદી કરી આપવામાં આવી હતી. અને યુનિવર્સિટીની રહેમનજર હેઠળ સાધુ ખુલ્લેઆમ કાપલીમાંથી જોઈને પેપર લખી રહ્યા હતા. આ વાતની જાણ થતાં એનએસયુઆઈના કાર્યકરો કેમેસ્ટ્રી ભવનમાં ઘસી જઈને હોબાળો મચાવ્યો હતા. આ ઉપરાંત યુનિવર્સિટીના કાર્યકારી પરીક્ષા નિયામકને આ ઘટના વિશે જાણ કરી હતી. જેથી પરીક્ષા નિયામક પણ તત્કાલીક કેમેસ્ટ્રી ભવનમાં દોડી આવ્યા હતા જ્યાં સાધુની તપાસ કરાતા તેમની પાસેથી મોટા પ્રમાણમાં પરીક્ષાલક્ષી સાહિત્ય મળી આવ્યું હતું. આ અંગે એનએસયુઆઈના કાર્યકરોએ ઉગ્ર રજુઆત કરતા પરીક્ષા નિયામકે તાકીદે સાધુ સામે કોપી કેસ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ સ્વામિનારાયણ આ સંત માટે છેલ્લા ચારેક દિવસથી કેમેસ્ટ્રી ભવનમાં અલાયદી વ્યવસ્થા કરી આપવામાં આવે છે બપોરે બે કલાકે પરીક્ષા શરૂ થતી હોવા છતાં આ સાધુને બપોરે બાર વાગ્યે જ તેમને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપી દેવામાં આવતો હતો અને બે કલાક પહેલા જ તેમને પ્રશ્નપત્ર પહોંચાડી દેવામાં આવતું હતું.

તેઓ બિન્દાસ રીતે પરીક્ષાખંડમાં કાપલીમાંથી જોઈને જવાબો લખતા હતા ત્યારે સવાલ એ થાય છે કે આ સાધુ માટે ગુજરાત યુનિવર્સિટીમાં આવી વીઆઈપી સુવિધા કોણે કરી આપી ? અને કોની ભલામણથી સાધુને વીઆઈપી સુવિધાઓ આપવામાં આવતી હતી.

# ધનસુરા ચાર રસ્તા આગળ ૪ દિવસમાં ૪ અકસ્માત

## સ્થાનિકોએ માર્ગ પર બમ્પ બનાવવા માંગ કરી

ધનસુરા, તા. ૩૦

ધનસુરા ચાર રસ્તા વિસ્તારમાં બેફામ ગતિએ દોડતા વાહનોને લીધે હાલ આ માર્ગ અકસ્માત ઝોન સાબિત થઈ રહ્યો છે ત્યારે છેલ્લા ચાર દિવસમાં ૪ નાના-મોટા અકસ્માતના બનાવો બનવા પામ્યા છે. આથી આ માર્ગ આગળ સત્વરે બમ્પ બનાવવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

ધનસુરા ચાર રસ્તા આગળથી દરરોજના અસંખ્ય મોટા વાહનો ટ્રકો પસાર થાય છે. આથી રોજના નાના-મોટા અકસ્માતો થાય છે. આ માર્ગ પર બમ્પ ન હોવાના કારણે વાહનચાલકો પોતાના વાહનો બેફામ ગતિએ દોડાવી કેટલાય નિર્દોષ વાહનચાલકો, રાહદારીઓનો ભોગ લે છે. છેલ્લા ચાર દિવસમાં આ જ માર્ગ પર ૪ જેટલા માર્ગ અકસ્માત સર્જાતા નાગરિકોએ પોલીસ તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે અને બેફામ ગતિએ વાહન હંકારતા વાહનચાલકો સામે કાર્યવાહી કરી આ માર્ગ પર સત્વરે બમ્પ બનાવવા માંગણી કરી છે.

# કાંકરિયા કાર્નિવલમાં આજે પૂર્ણાહૂતિ : અનેક કાર્યક્રમો

અમદાવાદ, તા.૩૦

અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલને લઈને ગત અઠવાડિયે અભૂતપૂર્વ તૈયારીઓ ચાલી રહી હતી અને ૨૫મી ડિસેમ્બરથી કાર્નિવલની ઉજવણી પણ શરૂ થઈ ગઈ હતી. છેલ્લા છ દિવસથી ચાલતાં કાંકરિયા કાર્નિવલમાં લાખો લોકોનો ઘસારો હતો પરંતુ કાર્નિવલનો આજે છેલ્લો દિવસે ભારે જનમેદની ઉમટે એવી શક્યતા છે.

૨૫મી ડિસેમ્બરના રોજ રાજ્યના મહેસુલ મંત્રી આનંદીબેન પટેલના હસ્તે કાંકરિયા કાર્નિવલને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં ગઈકાલ સુધી લાખો સહેલાણીઓનો મહેરામણ ઉમટ્યો હતો. પૂરા થતાં વર્ષને અલવિદા કરવા તેમજ નવા વર્ષને વધાવી લેવા માટે આજે છેલ્લા દિવસે વધુ પ્રમાણમાં સહેલાણીઓ ઉમટે તેવી શક્યતા છે. છેલ્લા છ દિવસથી કાંકરિયા લેકફ્રન્ટ પર કાર્નિવલની ધૂમ મચી છે. જેમાં સોમવારના રોજ પ્લેબેક સીન્ગીંગ, ભાતીગળ ડાયરો, પોલીસ / આર્મી બેન્ડ, મ્યુનિસિપલ શાળાનાં બાળકો દ્વારા કુપોષણ યોજાયા હતા. આ કાર્યક્રમોને અંતે લેસર શો અને ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. છેલ્લા છ દિવસથી ચાલી રહેલ કાંકરિયા કાર્નિવલમાં ધાર્યા કરતાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે જ્યારે કાંકરિયા કાર્નિવલનો છેલ્લો દિવસ હોઈ મોટી સંખ્યામાં ઉમટી પડે તેવી શક્યતા છે. તેને ધ્યાનમાં રાખી પ્રશાસન દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ખાસ કરીને સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવા ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આવતીકાલે કાંકરિયા કાર્નિવલનો ભવ્ય સમારોહ યોજી સમાપન કરવામાં આવશે જો કે આ સમાપન સમારોહમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હાજર રહેશે કે નહીં તે અંગે ખુદ કોર્પોરેશન પણ દુવિધામાં છે. મુખ્યમંત્રી પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને હાજર રહેશે તો તેમના હાથે કાંકરિયા કાર્નિવલનું સમાપન થશે તો નિશ્ચિત છે પરંતુ મુખ્યમંત્રી હાજરી નહીં આપે તો સમાપન ક્યાં મંત્રીના હાથે કરવામાં આવશે તે હજુ સુધી નક્કી થઈ શક્યું નથી.

# હિટ એન્ડ રન કેસ : વિસ્મયની જામીન અરજી નામંજુર કરાઈ

અમદાવાદ, તા.૩૦

ચકચારી બીએમડબલ્યુ હીટ એન્ડ રન કેસમાં સંકળાયેલા અને હાલ સાબરમતી જેલમાં ધકેલાયેલા આરોપી વિસ્મય શાહ દ્વારા અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં દાખલ વચગાળાની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. વિસ્યમે બેક પેન અને કિડનીની સારવાર કરાવવા ૩૦ દિવસના વચગાળાના જામીન માંગ્યા હતા.

શહેરના પોશ વિસ્તાર જજીસ બંગલોરોડ પર ૨૭ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ રાત્રે ૧૧૨ કિ.મી.ની ઝડપે બીએમડબલ્યુ કાર હંકારી બે આશાસ્પદ યુવાનો શિવમ દવે અને રાહુલ પટેલનો યુવાન આરોપી વિસ્મય શાહે જીવ લીધો હતો. વિસ્મય શાહ આ કેસ હેઠળ છેલ્લા ઘણા સમયથી સાબરમતી જેલમાં બંધ છે. વિસ્યમને નીચલીથી માંડી સર્વોચ્ચ અદાલતે પણ જામીન આપ્યા ન હતા. વિસ્યમે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં શારીરિક તકલીફના પગલે ૩૦ દિવસના વચગાળાના જામીન મેળવવા અરજી દાખલ કરી હતી. તેણે અરજીમાં જણાવ્યું હતું કે તેને બેક પેન અને કિડનીની તકલીફ છે તેથી તેની સારવાર કરાવવા અર્થે ૩૦ દિવસના વચગાળાના જામીન માંગ્યા હતા. બીજી તરફ આ કેસમાં ફરિયાદી પક્ષ તરફથી વાંધા અરજી પણ કોર્ટમાં દાખલ કરાઈ હતી.

અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટે ગત સુનાવણીમાં વિસ્યમ દ્વારા સિવિલ હોસ્પિટલમાં પહેલા લીધેલ સારવારના દસ્તાવેજો કોર્ટમાં રજુ કરવા જણાવ્યું હતું.

# ભિલોડામાં જમીન પચાવી પાડવા બાબતે ઝગડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

ભિલોડા, તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઝુમસર છાપરાં ગામમાં જમીન પચાવી પાડવા બાબતે ઝગડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ઝુમસર છાપરાં ગામના રહેવાસી હરીભાઈ સોમાજી પાંડોરના ધર્મપત્ની બચુબેન પાંડોરના ઘરે જઈ સુરેશભાઈ રામજીભાઈ પાંડોરએ જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે. સુનસર છાપરાં ગામના રામજીભાઈ વાલજીભાઈ પાંડોર,રોહિતભાઈ વાલજીભાઈ પાંડોર,મીરાંબેન વાલજીભાઈ પાંડોરએ જમીન બાબતે ઝગડો ઉભો કરી જમીન પચાવી પાડવાની ધાક-ધમકી આપી હતી. બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આરોપીઓ ધ્વારા આપવામાં આવી હતી. આ બનાવ સંદર્ભે ઝુમસર છાપરાં ગામના રહેવાસી બચુબેન હરીભાઈ પાંડોરએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી ધારા-ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ચાંદનગર વિસ્તારના બાળકોનો સુન્નતે ખત્ના કેમ્પ યોજાયો

હિંમતનગરમાં આવેલ ચાંદનગર વિસ્તારમાં લઘુમતી સમાજના બાળકોનો સુન્નત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ચાંદનગર વિસ્તારમાં રહેતા મુસ્લિમ સમાજના ૧ થી ૧૦ વર્ષના છોકરાઓનો સુન્નત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ૫૦ છોકરાઓને સુન્નત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સાબીરભાઈ શેખ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ મૌલાના કમાલુદ્દીન સૈયદ, યુસુફભાઈ બચ્ચા સહિત શહેરના મોટી સંખ્યામાં લઘુમતી સમાજના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.





(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

## માળીવાસ -ાથમિક શાળાનું ગૌરવ વધારતી બાળાઓ !

દાંતીવાડા તાલુકાની માળીવાસ -ાથમિક શાળાની બાળાઓ રમતોઉંત્સવમાં જીલ્લા અને રાજય કક્ષાસુધી ગામનું તેમજ શાળાનું નામ રોશન કરતા તાલુકાનું ગૌરવ વધાર્યુ છે. દાંતીવાડા તાલુકા મથકથી ૧૦ કીલોમીટર દુરના અંતરે આવેલી માળીવાસ -ાથમિક શાળાની મહિલા કબડ્ડી ટીમમાં સેન્ટર કક્ષા, ઝોનકક્ષા, તાલુકા કક્ષા તેમજ જીલ્લા કક્ષા સુધી ૧૨ બાળાઓ વિજેતા બની હતી. એમાંથી ગુજરાત રાજય કક્ષાએ માળી વિમલાબેન પુનમાજી, માળી મનીસાબેન -માજી, માળી દિપીકાબેન રમેશભાઈ, માળી અલ્કાબેન ભાનાજી જેઓ રાજય કક્ષા સુધી રમ્યા તેમજ માળી વિમલાબેન પુનમાજી જેઓ નેશનલ કક્ષાએ તારીખ ૧૩-૧૨ થી ૨૦-૧૨-૨૦૧૩ સુધી ઓલ ઈન્ડિયા નેશનલ કક્ષાએ મધ્ય -દેશના સતના મુકામે ભાગ લીધેલ આમ ગામની બાળાઓ દ્વારા ગામ, તાલુકો તેમજ જીલ્લાનું નામ રોશન કરવા બદલ શાળા પરિવાર અને ગામલોકો દ્વારા તેમને નાના મોટા પુરસ્કાર અને સાથે સાથે રમતોમાં ટ્રેન કરનાર શિક્ષક હરેશભાઈ એસ. પરમાર અને નટવરભાઈ બી. -જાપતિ જેઓને પણ ગામના લોકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામસ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

# ભિલોડા તાલુકાના ધોલવાણી ગામની પરણીતાને શારીરીક, માનસીક ત્રાસ ગુજારતા પતી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ

ભિલોડા, તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધોલવાણી ગામની પરણીતાને શારીરીક,માનસીક ત્રાસ ગુજારતા પતી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ભિલોડા પોલીસ સ્ટેશનના આધારભુત પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા તાલુકાના ધોલવાણી ગામના અનિલભાઈ ભુરજીભાઈ ખરાડી તેમના ધર્મપત્ની ક્રિષ્ણાબેન ખરાડી ઉપર વહેમ રાખી કહેતા હતા કે તુ તો બદચાલની છે. તુ તારા પીયર જતી રહેજે તેમ કહી માં-બેન સામે બિભત્સ ગાળો બોલી અનિલભાઈ ખરાડી ઉશ્કેરાઈ ગયા હતા ત્યારે તેમના ધર્મપત્નીને ગળદા-પાટુનો માર મારી જમણા ગાલ ઉપર શારીરીક ઈજાઓ પહોંચાડી હતી.ધોલવાણી ગામની પરણીતાને લગ્ન જીવન બાદ સુખનો સુરજ ઉગવાના બદલે શારીરીક, માનસીક ત્રાસ તેમના પતી ધ્વારા ગુજારાતો હતો જેના કારણે ક્રિષ્ણાબેન ખરાડી હેરાન-પરેશાન બની ગયા હતા. ભિલોડા તાલુકાના ધોલવાણી ગામની પરણીતા ક્રિષ્ણાબેન ખરાડીએ તેમના પતી અનિલભાઈ ખરાડી રહેવાસી-ધોલવાણી, તા.ભિલોડા વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી આઈ.પી.સી.કલમ.૪૯૮ક, ૩૨૩, ૫૦૪, ૫૦૬-૨ મુજબ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી પોલીસ ધ્વારા હાથ ધરવામાં આવેલ છે.